# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09-11-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

**************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઉત્તરાખંડની સ્થાપનાના રજત જયંતી નિમિત્તે આઠ હજાર કરોડથી વધુના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો.
2. રાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી અને કેન્દ્રીય ગૃહમંત્રીએ ઉત્તરાખંડના લોકોને સ્થાપનાની રજત જયંતિ પ્રસંગે શુભકામનાઓ પાઠવી
3. સેમિકન્ડક્ટર મિશનને વિસ્તૃત કરવાના ભાગરૂપે ભારત અને અમેરિકા વચ્ચે બેઠક
4. ગુજરાત એટીએસે ગાંધીનગર પાસેથી આઇએસઆઇએસ સાથે સાંઠગાંઠ ધરાવતા ત્રણ સંદિગ્ધ આંતકવાદીઓને ઝડપ્યાં
5. ભારતની તીરંદાજી ટીમ બાંગ્લાદેશમાં યોજાનારી એશિયન તીરંદાજી ચેમ્પિયનશિપમાં ભાગ લેવા ઢાકા જશે

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PM-DEHRADUN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ઉત્તરાખંડ રાજ્યની સ્થાપનાના રજત જયંતીના સમારોહમાં ઉપસ્થિત રહ્યા. પ્રધાનમંત્રીએ આઠ હજાર કરોડથી વધુના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો. જેમાં પીવાનું પાણી, સિંચાઈ, ટેકનિકલ શિક્ષણ, ઉર્જા, શહેરી વિકાસ, રમતગમત અને કૌશલ્ય વિકાસનો સમાવેશ થાય છે.

પ્રધાનમંત્રીએ પીએમ પાક વીમા યોજના હેઠળ અઠ્ઠાવીસ હજારથી વધુ ખેડૂતોના બેંક ખાતાઓમાં 62 કરોડની સહાય પણ ટ્રાન્સફર કરી.

આ પ્રસંગે શ્રી મોદીએ વિવિધ લાભાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો. આ ઉપરાંત તેમણે એક પ્રદર્શનનું અવલોકન પણ કર્યું હતું.

પ્રધાનમંત્રી આ પ્રસંગે એક સ્મારક ટપાલ ટિકિટ પણ બહાર પાડી. શ્રી મોદી એક સભાને પણ સંબોધિત કરશે.

પ્રધાનમંત્રી દ્વારા આજે ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરાયેલા પ્રોજેક્ટ્સમાં અમૃત યોજના હેઠળ દહેરાદૂન પાણી પુરવઠા સુવિધા, પિથોરાગઢ જિલ્લામાં વીજળી સબસ્ટેશન, સરકારી ઇમારતોમાં સૌર ઉર્જા પ્લાન્ટ અને નૈનીતાલમાં હલ્દવાની સ્ટેડિયમ ખાતે એસ્ટ્રોટર્ફ હોકી મેદાનનો સમાવેશ થાય છે. શ્રી મોદી બે મુખ્ય જળ ક્ષેત્રની યોજના સોંગ ડેમ પીવાના પાણી પ્રોજેક્ટ અને નૈનીતાલમાં જામરાની ડેમ બહુહેતુક

પ્રોજેક્ટનો પણ શિલાન્યાસ કર્યો. અન્ય પ્રોજેક્ટ્સમાં પાવર સબસ્ટેશન, ચંપાવતમાં મહિલા રમતગમત કોલેજની સ્થાપના અને નૈનિતાલમાં અત્યાધુનિક ડેરી પ્લાન્ટનો સમાવેશ થાય છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## PM- UTTARAKHAND

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઉત્તરાખંડની સ્થાપનાની રજત જયંતિ પર રાજ્યવાસીઓને શુભેચ્છાઓ પાઠવી. સોશિયલ મીડિયા પોસ્ટમાં, રાષ્ટ્રપતિ મુર્મુએ જણાવ્યું હતું કે ઉત્તરાખંડે રાષ્ટ્રની ભવ્ય આધ્યાત્મિક અને સાંસ્કૃતિક યાત્રામાં અનોખું યોગદાન આપ્યું છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ કહ્યું કે કુદરતના ખોળામાં વસેલી આ દૈવી ભૂમિ આજે પર્યટનની સાથે દરેક ક્ષેત્રમાં પ્રગતિની નવી ગતિ મેળવી રહી છે. રાજ્યના આ ખાસ પ્રસંગે, તેમણે રાજ્યના નમ્ર, મહેનતુ અને દૈવી લોકોના સુખ, સમૃદ્ધિ, સૌભાગ્ય અને ઉત્તમ સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરી.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ઉત્તરાખંડના લોકોને રાજ્ય સ્થાપના દિવસની શુભેચ્છા પાઠવી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી શાહે કહ્યું કે આધ્યાત્મિક વારસો, સાંસ્કૃતિક વૈભવ અને કુદરતી સૌંદર્યથી ભરેલી આ

પવિત્ર ભૂમિ સમગ્ર રાષ્ટ્ર માટે શ્રદ્ધાનું કેન્દ્ર છે. ઉત્તરાખંડના સ્થાપના દિવસની રજત જયંતિ ઉજવણી પ્રસંગે સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ, આરોગ્ય મંત્રી જગત પ્રકાશ નડ્ડા અને અન્ય મંત્રીઓએ પણ રાજ્યના લોકોને શુભેચ્છા પાઠવી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## VP- KARNATAKA

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન આજે કર્ણાટકની મુલાકાતે છે.

કર્ણાટકના રાજ્યપાલ થાવરચંદ ગેહલોત, કેન્દ્રીય ભારે ઉદ્યોગ અને સ્ટીલ મંત્રી એચ.ડી. કુમારસ્વામી અને અન્ય મહાનુભાવોએ તેમનું બેંગલુરુમાં સ્વાગત કર્યું હતું. ઉપરાષ્ટ્રપતિને ગાર્ડ ઓફ ઓનર પણ આપવામાં આવ્યું હતું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## MOHAN BHAGWAT - SOCIAL HARMONY

**RSS** સરસંઘચાલક મોહન ભાગવતે કહ્યું છે કે તેઓ સમાજમાં વિભાજનનો અંત લાવવા માટે સંવાદ શરૂ કરશે. બેંગલુરુમાં સંઘની ૧૦૦ વર્ષની યાત્રા-નવી ક્ષિતિજો પર વ્યાખ્યાન શ્રેણીના ભાગ રૂપે બોલતા, તેમણે કહ્યું કે તેઓ સમાજમાં વિભાજનને દૂર કરીને સામાજિક સંવાદિતા માટે કામ કરશે. તેમણે ધ્યાન દોર્યું કે ૧૮૫૭ના પ્રથમ સ્વતંત્રતા યુદ્ધ દરમિયાન, હિન્દુઓ અને મુસ્લિમો બંને બ્રિટિશ શાસનથી સ્વતંત્રતા માટે લડવા માટે એક સાથે આવ્યા હતા. શ્રી ભાગવતે કહ્યું કે અંગ્રેજોએ આ એકતાને તેમના શાસન માટે ખતરા તરીકે સમજી અને ભારતીય સમાજમાં વિભાજનને વિસ્તૃત કરવાનું શરૂ કર્યું. તેમણે કહ્યું કે, **RSS** આવા વિભાજનને સમાપ્ત કરવા માટે એક આઉટરીચ કાર્યક્રમ શરૂ કરશે.

**RSS**ની અન્ય પહેલો વિશે બોલતા, તેમણે કહ્યું કે, સંગઠન સદભાવના કાર્યના ભાગ રૂપે બ્લોક સ્તરે જાતિ નેતાઓ અને ધાર્મિક સંપ્રદાયોના વડાઓ સુધી પહોંચશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## US INDIA SEMICONDUCTOR

અમેરિકામાં ભારતીય રાજદૂત વિનય મોહન ક્વાત્રાએ ઇન્ટેલના મુખ્ય કાર્યકારી અધિકારી લિપ-બૂ ટેન સાથે મુલાકાત કરી, જેથી સરકારના ઇન્ડિયા સેમિકન્ડક્ટર મિશન અને ઇન્ડિયા એઆઇ મિશનને અનુરૂપ

ભારતમાં સેમિકન્ડક્ટર અને એઆઇ કામગીરીને વિસ્તૃત કરવાની ઇન્ટેલની યોજનાઓ અંગે ચર્ચા કરી શકાય.

ઇન્ડિયા સેમિકન્ડક્ટર મિશન 2021 માં ફેબ્રિકેશન, ડિઝાઇન અને મેન્યુફેક્ચરિંગને પ્રોત્સાહન આપવા માટે 76 હજાર કરોડ રૂપિયાના ખર્ચ સાથે શરૂ થયું. 2025 માં, ભારતે નોઇડા અને બેંગલુરુમાં તેમના પ્રથમ ત્રણ નેનોમીટર ચિપ ડિઝાઇન કેન્દ્રોનું ઉદ્ઘાટન કર્યું. પાંચ સેમિકન્ડક્ટર ઉત્પાદન એકમો બાંધકામ હેઠળ છે. સાંભળીએ એક અહેવાલ...

(વોઇસકાસ્ટ- વૈશ્નવી, એ.આઇ.)

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **YOUTUBE** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **NEWSONAIR.GOV.IN**/સ્લેશ/**GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . .

## JAISHANKAR- CAMBODIA

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે આજે કંબોડિયા સરકાર અને લોકોને તેમના 72મા સ્વતંત્રતા દિવસ પર અભિનંદન પાઠવ્યા. સોશિયલ મીડિયા પોસ્ટમાં, ડૉ. જયશંકરે કહ્યું કે ભારત કંબોડિયા સાથેના તેમના વ્યાપક સહયોગને મહત્વ આપે છે. તેમણે કંબોડિયાના નાયબ પ્રધાનમંત્રી અને વિદેશ મંત્રી પ્રાક સોખોનને પણ શુભેચ્છાઓ પાઠવી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## GUJ ATS

ગુજરાત **ATS** એ ગાંધીનગરના અડાલજ પાસેથી ત્રણ આતંકીઓની ધરપકડ કરી છે. પ્રાથમિક તપાસમાં આ ત્રણે આંતકવાદીઓ **ISIS** સાથે સાંઠગાઠ ધરાવતા હતા. ઝડપાયેલા ત્રણે આતંકવાદીઓ પાસેથી હથિયાર પણ મળી આવ્યા છે. આ ત્રણે આતંકવાદીઓની એટીએસ પૂછપરછ કરીને વધુ તપાસ હાથ ધરી રહી છે. આ ત્રણે આતંકવાદીઓ હુમલો કરવાનુ કાવતરૂ રચી રહ્યાં હતા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## PM - SCINDIA ARTICLE

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઉત્તર પૂર્વીય ક્ષેત્ર વિકાસ મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયા દ્વારા લખાયેલ એક લેખ શેર કર્યો છે, જેમાં ઉત્તર પૂર્વને અષ્ટલક્ષ્મી તરીકે પ્રકાશિત કરવામાં આવ્યો છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, પ્રધાનમંત્રીએ કહ્યું કે આ લેખ સમજાવે છે કે આ પ્રદેશ કેવી રીતે ભારતનું દક્ષિણપૂર્વ એશિયાનું કુદરતી પ્રવેશદ્વાર બની રહ્યું છે. તેમણે ઉમેર્યું કે ઉત્તર પૂર્વ ફક્ત ભારતની સરહદ નથી, તે હવે તેનો આગળનો ચેહરો છે.**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## GOYAL-VISIT

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે સંતુલિત અને પરસ્પર લાભદાયી વ્યાપક આર્થિક સહયોગ કરાર (CECA) ના વહેલા પૂર્ણ કરવા માટે પોતાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો છે.

શ્રી ગોયલે ઓસ્ટ્રેલિયાના મેલબોર્નમાં વેપાર અને પર્યટન મંત્રી ડોન ફેરેલ તથા કૌશલ્ય અને તાલીમ મંત્રી એન્ડ્રુ જાઈલ્સ સાથે દ્વિપક્ષીય વાટાઘાટો દરમિયાન આ વાત કહી હતી. ચર્ચાનો મુખ્ય ઉદ્દેશ CECA સહિત ભારત-ઓસ્ટ્રેલિયા આર્થિક ભાગીદારીની સંપૂર્ણ સંભાવનાને સાકાર કરવાનો હતો. બેઠક દરમિયાન નેતાઓએ CECA વાટાઘાટો હેઠળ થયેલી

પ્રગતિની સમીક્ષા કરી અને દ્વિપક્ષીય વેપાર અને આર્થિક ભાગીદારીને વધારવા માટેના પગલાંઓની ચર્ચા કરી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## ASIAN ARCHERY CHAMPIONSHIPS

**ભારતની 16 સભ્યોની તીરંદાજી ટીમ 9થી 14 નવેમ્બર દરમિયાન ઢાકા બાંગ્લાદેશમાં યોજાનારી એશિયન તીરંદાજી ચેમ્પિયનશિપમાં ભાગ લેશે.**

**જ્યોતિ સુરેખા વેન્નમ અને અભિષેક વર્મા જેવા સ્ટાર્સ તેમના ત્રીજા વ્યક્તિગત ખિતાબનું લક્ષ્ય રાખે છે.અભિષેક વર્મા અને પ્રથમેશ જાવકર કમ્પાઉન્ડ પુરુષોની ટીમનું નેતૃત્વ કરશે, જ્યારે દીપિકા કુમારી મહિલા ટીમનું નેતૃત્વ કરશે.**

**ભારતના રિકર્વ તીરંદાજો દક્ષિણ કોરિયાના લાંબા સમયથી ચાલી રહેલા વર્ચસ્વને લક્ષ્ય બનાવશે, આ ઇવેન્ટમાં તેમનો પ્રથમ વ્યક્તિગત ગોલ્ડ મેળવવાની શોધમાં રહેશે.**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## TENNIS - DJOKOVIC

**ટેનિસમાં, નોવાક જોકોવિચે ATP 250 એથેન્સ ટાઇટલ જીત્યાના એક કલાક પછી જ ખભાની ઇજાને કારણે 2025 ATP ફાઇનલ્સમાંથી નામ પાછું ખેંચી લીધું હતું. આ નામ પાછું ખેંચવાથી તેની સિઝનનો અંત આવ્યો છે અને તે સતત બીજા વર્ષે ટૂર ફાઇનલ્સ ચૂકી જશે.**

**જોકોવિચે એથેન્સમાં લોરેન્ઝો મુસેટ્ટીને 4-6, 6-3, 7-5થી હરાવ્યું,**

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## NGT CPCB

રાષ્ટ્રીય હરિત પ્રાધિકરણે કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અને દિલ્હી, ઉત્તરપ્રદેશ, હરિયાણા અને બિહારના રાજ્ય પ્રદૂષણ નિયમનકારોને ગંગા અને યમુના સહિત મહત્વપૂર્ણ જળ નદીઓમાં પ્રદૂષિત પાણી છોડતા સત્તરસો થી વધુ ઉદ્યોગો સામે તાત્કાલિક પગલાં લેવાનો નિર્દેશ આપ્યો છે.

-------------